| | |
|---|---|
| | **Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**<br>**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"** |

# Chemistry Department Activities 2025-26

| Sr. No. | Activity | Date | Time | Remarks |
|---|---|---|---|---|
| 1 | "Science Manthan" – CHARUSAT University | 20/12/2025 | - | 30 વિદ્યાર્થીઓ |
| 2 | Quiz Competition | 03/01/2026 | - | 14 વિદ્યાર્થીઓ |
| 3 | Guest Lecture on Carrer Guidance and Chromotographic Techniques | 07/01/2026 | 3:00 PM | 60 વિદ્યાર્થીઓ |
| 4 | Visit to IICISST & Chemistry Department Sardar Patel University | 31/01/2026 | - | 25 વિદ્યાર્થીઓ |
| 5 | Faculty Achievement | - | - | 2 Faculty |
| 6 | Student Achievement | - | - | |

| | |
|---|---|
| | **Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**<br>**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"** |

# "Science Manthan"

**Date : 20/12/2025**

ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ, સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજ, ડાકોર દ્વારા શનિવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ચારુસેટ યુનિવર્સિટી, ચાંગા ખાતે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય **"સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ"** (ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન) થીમ પર આધારિત **"સાયન્સ મંથન"** કાર્યક્રમમાં ભાગ લેવાનો હતો.

આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવા માટે કોલેજના ત્રણ પ્રાધ્યાપકો - ડૉ. પ્રકાશ પી. ધોળકીયા, શ્રી ભાવિન પટેલ અને શ્રીમતી દિવ્યા સોલંકી પણ તેમની સાથે જોડાયા હતા.

---

## પ્રવાસની રૂપરેખા અને પ્રવૃત્તિઓ:

- **પ્રસ્થાન અને આગમન:** સવારે ૦૭:૩૦ કલાકે ભવન્સ કોલેજ, ડાકોરથી બસ દ્વારા પ્રવાસની શરૂઆત થઈ અને ટીમ સવારે ૦૯:૧૦ કલાકે ચારુસેટ યુનિવર્સિટી, ચાંગા ખાતે પહોંચી.
- **રજીસ્ટ્રેશન:** ત્યાં પહોંચ્યા બાદ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી અને સવારનો નાસ્તો કર્યો.
- **ઉદ્ઘાટન સત્ર:** ત્યારબાદ, સમગ્ર ગ્રુપ મુખ્ય હોલમાં આયોજિત "સાયન્સ મંથન" ના ઉદ્ઘાટન સત્રમાં હાજર રહ્યું હતું. આ કાર્યક્રમ બપોરે ૦૧:૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો.
- **પ્રેરણાદાયક વક્તવ્ય:** કાર્યક્રમના મુખ્ય અતિથિ, ડૉ. મુરલીધરે રોજિંદા જીવનમાં વિજ્ઞાનના મહત્વ અને ટકાઉ વિકાસમાં તેની નિર્ણાયક ભૂમિકા પર પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યું હતું.
- **પોસ્ટર પ્રેઝન્ટેશન:** સત્ર પૂર્ણ થયા બાદ, વિદ્યાર્થીઓએ 'સાયન્સ પોસ્ટર ઈવેન્ટ' ની મુલાકાત લીધી, જ્યાં તેઓએ વિવિધ કોલેજોમાંથી આવેલા સ્પર્ધકો સાથે વાર્તાલાપ કર્યો અને વિજ્ઞાન ક્ષેત્રે ચાલી રહેલા વર્તમાન સંશોધનો અને નવા વલણો વિશે જાણકારી મેળવી.
- **મનોરંજન:** સ્વાદિષ્ટ ભોજન બાદ, વિદ્યાર્થીઓએ હોલમાં ૪૫ મિનિટના "સાયન્સ કોમેડી શો" નો આનંદ માણ્યો, જે મનોરંજક અને શૈક્ષણિક બંને હતો.
- **સમાપન:** પોસ્ટર સ્પર્ધાના વિજેતાઓ માટે ઇનામ વિતરણ સમારોહ સાથે આ કાર્યક્રમનું સમાપન થયું. ત્યારબાદ, આઈસ્ક્રીમની મજા માણીને દિવસની પૂર્ણાહુતિ કરવામાં આવી.

- **પરત ફર્યા:** સાંજે ૦૫:૧૦ કલાકે ત્યાંથી પરત ફરવા માટે પ્રસ્થાન કર્યું અને સમગ્ર ગ્રુપ સાંજે ૦૬:૩૦ કલાકે સહીસલામત ભવન્સ કોલેજ, ડાકોર પરત ફર્યું.

આ શૈક્ષણિક પ્રવાસ અત્યંત સફળ રહ્યો હતો, જેના દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિશે મૂલ્યવાન જ્ઞાન અને જીવનભર યાદ રહે તેવા મધુર અનુભવો પ્રાપ્ત થયા હતા.

# Photos of Science Manthan













**Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**
**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"**

# Quiz Competition

**Date: 03/01/2026**

ભવન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના 14 વિદ્યાર્થીઓએ તા. 03/01/2026 ના રોજ V. P. Science College, Vallabh Vidhya Nagar માં આયોજીત State level Quiz Competition માં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સાયન્સ વિભાગ ના અધ્યાપક ડૉ. જે. એમ. શાહ સાહેબે સાથે જોડાઈ વિધાર્થીઓ ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને આ સ્પર્ધાના નિર્ણાયકોમાં ભવન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. જે. એમ. શાહ સાહેબે નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી.








| | |
|---|---|
| | **Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**<br>**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"** |

# Guest Lecture

**તા. 07/01/2026**

તા. ૦૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે B.Sc. ના ૬૦ વિદ્યાર્થીઓ માટે 'કારકિર્દી માર્ગદર્શન અને ક્રોમેટોગ્રાફિક ટેક્નિક્સ' વિષય પર એક વિશેષ અતિથિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડિપાર્ટમેન્ટ ઓફ એપ્લાઇડ એન્ડ ઇન્ટરડિસિપ્લિનરી સાયન્સ, વલ્લભ વિદ્યાનગરથી પધારેલા ડૉ. મનન એસ. પટેલે "ક્રોમેટોગ્રાફિક ટેક્નિક્સ" વિષય પર વ્યાખ્યાન આપીને ક્રોમેટોગ્રાફીના સિદ્ધાંતો, પદ્ધતિઓ અને તેના ઉપયોગો વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી. આ ઉપરાંત, તે જ વિભાગના ડૉ. સંદીપ ભટ્ટ અને શ્રીમતી પ્રિયંકા દલવાડી દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સત્ર યોજવામાં આવ્યું હતું, જેમાં ડિગ્રી પૂર્ણ કર્યા પછી ઉપલબ્ધ વિવિધ રોજગારીની તકો અને કારકિર્દીના શ્રેષ્ઠ વિકલ્પો વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે આ વ્યાખ્યાન અત્યંત જ્ઞાનવર્ધક અને ભવિષ્યની દિશા નક્કી કરવામાં ઉપયોગી સાબિત થયું હતું.





# Visit to IICISST & Chemistry Department Sardar Patel University

**Date : 31/01/2026**

ભવન્સ કોલેજના સાયન્સ-વિભાગ દ્વારા "IICISST (Department of Applied and interdisciplinary Sciences)" and "Chemistry Department" ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ educational ટુર દ્વારા વિદ્યાર્થીઓમાં research & industry માં ઉપયોગ થતા વિવિધ instruments વિશે માહિતી આપી અને તેનું પ્રાયોગિક નિદર્શન તે સંસ્થા ના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં 25 વિદ્યાર્થીઓ અને સાયન્સ વિભાગ ના અધ્યાપક Dr. P. P. Dholkiya , Mr. Surendra Baria & Mrs. Dhara Khambholja સાથે જોડાઈ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.












# Faculty Achievement

- **ચારુસેટ યુનિવર્સિટી, ચાંગા** ખાતે વિજ્ઞાન અને ટકાઉ વિકાસના વિષય પર **"સાયન્સ મંથન"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સ્પર્ધામાં ભવન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક **ડૉ. પ્રકાશ પી. ધોળકીયાએ નિર્ણાયક (Poster Competition)** તરીકે પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક કૃતિઓનું યોગ્ય મૂલ્યાંકન કર્યું હતું.

- **ભવન્સ કોલેજ,** ડાકોર ખાતે **પર્યાવરણ જાગૃતિ**ના હેતુસર એક દિવસીય નેશનલ લેવલ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં કોલેજના જ પ્રાધ્યાપકોએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી:

**પોસ્ટર સ્પર્ધા (Poster Competition)**: આ સ્પર્ધામાં ભવન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના અધ્યાપક **ડૉ. પ્રકાશ પી. ધોળકીયા**એ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

**મોડેલ સ્પર્ધા (Model Competition):** આ સ્પર્ધામાં ભવન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ **ડૉ. ભાવનાબેન કે. પટેલ** નિર્ણાયક તરીકેની વિશેષ ભૂમિકા ભજવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા પર્યાવરણલક્ષી મોડેલ્સનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યું હતું.

# Student's Achievement

**ભવન્સ કોલેજ, ડાકોર** ખાતે **પર્યાવરણ જાગૃતિ**ના હેતુસર આયોજિત એક દિવસીય **નેશનલ લેવલ સેમિનારમાં** વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી **'પોસ્ટર સ્પર્ધા'**માં B.Sc. ની વિદ્યાર્થિનીઓ **વાળંદ રુદ્રા, દેસાઈ બંસરી અને ડબઘર દિક્ષિતા**એ શ્રેષ્ઠ પ્રદર્શન કરી **વિજેતા** બનીને કોલેજનું ગૌરવ વધાર્યું છે.